અપીલ અરજી નં.૧૬૬/ ૦૮–૦૯ તા. ૧૬–૯–૦૮

અરજદારઃ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
સામાવાળાઃ–ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૭–૭–૦૮ ની અરજીથી સુરત શહેરમાં સરકારી/અર્ધસરકારી જગ્યાઓ દબાવી ઉભા કરી દેવાયેલ ધર્મસ્થાનો અંગે ઝોન વાઈઝ સંખ્યા દર્શાવતી ટુંકી માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૬/૨૦૦૮–૦૯

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૭–૭–૦૮ ની અરજીથી સુરત શહેરમાં સરકારી/અર્ધસરકારી જગ્યાઓ દબાવી ઉભા કરી દેવાયેલ ધર્મસ્થાનો અંગે ઝોન વાઈઝ સંખ્યા દર્શાવતી ટુંકી માહિતી પૂરી પાડવા બાબતે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/આ.નં.૩૫૧૯ તા.૧૩–૮–૦૮ અન્વયે અરજદારને માહિતીના માહિતી સંકલિત કરવાના નાણા ભરવા જણાવતા પત્ર સામે ખોટી રીતે રૂપિયા ભરી માહિતી લઈ જવા અંગે જણાવતાં અરજદારે તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૧ તા.૨૪–૯–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ટીપીડી/આ.નં.૪૫૯૨ તા.૩–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મોકલવામાં આવેલ છે.

અરજદારે અપીલ અરજીમાં સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ગેરકાયદેસર ઉભા કરી દેવાયેલ ધાર્મીક સ્થાનોની માત્ર સંખ્યા જાણવા માંગી છે તે અંગે કોઈ પણ વહીવટી ચાર્જ ભરવાનો થાય નહીં એવી રજુઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીપીડી/આ.નં.૩૫૧૯ તા.૧૩–૮–૦૮ થી સદર માહિતીના રેકર્ડની એકત્ર કરી સંકલીત કરવા માટે જે મહાનગરપાલિકાના સ્ટાફ સુપરવાઈઝર–૧ તથા ટાઈપીસ્ટ –૧ ત્રણ દિવસ રોકવા પડેલ જેના મહેનતાણાના રૂ.૧૮૦૦/– ભરપાઈ કરી માહિતી લઈ જવા જણાવેલ. જે આરટીઆઈ કાયદા હેઠળ સુસંગત નથી. પૂરક માહિતીમાં અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવા અંગે તૈયાર કરેલ માહિતી મુજબની માહિતી પૂરી પાડવાની રહે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૭–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સમય અવધિ બાદ પૂરી પાડેલ ન હોઈ ઉપરોકત નિર્દિષ્ટ કર્યા મુજબની માહિતી જે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને માહિતી અત્રેની જાણ દિન–૭ માં હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી .......... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા,